

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આવડત વિનાના આ નક્ષલી પથ્થરા ખાય છે,*
*ડારા-ડફારા, દે દંભી દિલાસા, પથ્થરા ખાય છે*
*પથ્થરા ખાય છે જનસમૂહની ફટકારના -*
*આ સત્તા ભૂખ્યા કાશ્મીરી થાળીમાં પથ્થરા ખાય છે...*

હાઈકુ

*મળ્યો તો ખરો!!*
*નિરાધાર ગાય ને*
*કાર્ડ 'આધાર...'*

*બાંધેલા હાથે*
*મજબૂરીમાં સેના -*
*ખાય પથ્થરા!*

### ચિંતન

*દુર્જનઃ પ્રિયવાદી ચ નૈતદ્વિશ્વાસકારણમ્ ।*
*મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે હૃદયે હલાહલમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવાયેલ છે.**

**મીઠા બોલો દુર્જન વિશ્વાસનું કારણ નથી, જીભની ટેરવે મધ વસે છે, પરંતુ હૃદયમાં ભીષણ ઝેર હોય છે.**

**સ્વાર્થ અને લુચ્ચા માણસો માત્ર પોતાનું હિત અને સ્વાર્થ સાદવા, સામેની વ્યક્તિનો વિશ્વાસ જીતવા મીઠું – મધુરું બોલી દાંભિક 'નમ્રતા' દર્શાવે છે પણ હૃદયમાં તો કાતિલ ઝેર અને દ્વેષ જ ભરેલાં હોય છે.**

### સુવિચાર

- અતિ કા ભલા ન બોલના, અતિ કી ભલી ન ચૂપ,
  અતિ કા ભલા ન બરસના, અતિ કી ભલી ન ધૂપ - **કબીર**
- મારા નસીબ સારા નહોતા, હું કેમ માનું.... પોઢ્યો હું રાત લઈને, જાગ્યો પ્રભાત લઈને - **દિલહર સંઘવી**
- કોઈનાં સારા ન હોવાનો અભિપ્રાય સાચો હોઈ શકે
  પણ સ્થાયી હોય તે આવશ્યક નથી - **રીઝવાન ગુજરાતી**
- 'ગૃહિણી' નો અર્થ આખું ગૃહ (ઘર) જેનું ઋણી છે તે - **અખંડ આનંદ**
- વિકલ્પ મિલેંગે બહુત, માર્ગ ભટકાને કે લીયે,
  સંકલ્પ એક હી કાફી હૈ, મંઝીલ તક જાને કે લીયે - **અદમ જસદણ વાલા**
- મોટા થયા પછી હાસ્યમાં થોડો ફરક આવે છે... પહેલાં...
  આવતું હતું... અને હવે... લાવવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ - સુંઠનો પાઉડર છાશમાં નાખીને પીવાથી હરસ-મસા મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ધન-સમૃદ્ધિના 'ભંડાર'માં જ્ઞાનબુદ્ધિ નથી પણ સદ્‌ગુણ અને ઉમદાકાર્યમાં જ જ્ઞાન-બુદ્ધિ રહે છે.

એક વેપારી ને બે દીકરા હતા. ધંધો કારોબાર નીતિથી કરતા હતા એટલે ખૂબ પ્રતિ થતી હતી. અવસ્થા થવાથી વેપારીને કારોબારનો વહીવટ કોને સોંપવો એવી મુંઝવણ સામે આવીને ઊભી રહી. બે છોકરાની કોઠાસૂઝ અને બુદ્ધિદનની પરીક્ષા કરવા બેવને સો-સો રૂપિયા આપીને કહ્યું, 'તમે બંને તમને જે યોગ્ય વસ્તુ લાગે તેવી ખરીદી લાવો પરંતુ શરત એટલી કે તેનાથી આપણી આ વખારનો ઓરડો નીચેથી ઊપર-છત સુધી ભરાઈ જવો જોઈએ.'

મોટો દીકરો ઉપડ્યો બજારમાં અને સો રૂપિયાનું સૂકું ઘાસ લાવીને વખારનો ઓરડો ભરી દીધો. જ્યારે નાનો પોતાની કોઠાસૂજ વાપરી એક નાનકડું ફાનસ લઈ આવ્યો અને એમાં ઘાસતેલ ભરીને પ્રગટાવ્યું.

ફાનસનો પ્રકાશ વખારમાં ચારેબાજુ ફેલાઈ ગયો, તે જોઈને વેપારીએ કારોબારનો વહીવટ નાના છોકરાને સોંપી દીધો.


# રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના પડઘમ

રાષ્ટ્રપતિની ચૂંટણી નજીક આવી રહી છે પરંતુ હજુ શાસક પક્ષ કે વિપક્ષો તરફથી કોઈ ઉમેદવારનું નામ અધિકૃત રીતે રજૂ થયેલ નથી. કેટલાક આગેવાનો પોતપોતાની રીતે નામો ઉછાળે છે જેમાં ડાબેરી અગ્રણી પ્રકાશ કરાત તરફથી વિપક્ષના ઉમેદવાર તરીકે મરાઠા નેતા અને પૂર્વ સંરક્ષણ મંત્રી શરદ પવારનું નામ ગંભીરતાપૂર્વક ચર્ચાય તેવી શક્યતા છે. જો કે વિપક્ષ ફક્ત ઊભો રાખવા પૂરતો જ એનો ઉમેદવાર મૂકશે. ભાજપના સમર્થન વગર કોઈ ઉમેદવાર જીતવાનો નથી, તેની એમને ખબર છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે એમનું નામ ઊછળતાંની સાથે પોતે જ ના પાડી છે. ગુજરાતના જમાઈ અને વિવાદાસ્પદ વિધાનો કરવા માટે જાણીતા ધારાશાસ્ત્રી તથા ભાજપના રાજયસભાના સદસ્ય સુબ્રમણ્યમ સ્વામી પણ રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનવા ઝંખે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એમને કટોકટીકાળની દોસ્તી છે. જો કે તેઓ એટલું તો સમજે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના નામ પર ગંભીરતાથી કયારેય વિચારશે નહીં. સ્વામી મોદી મંત્રીમંડળમાં નાણાં કે કાનૂન મંત્રી બનવાનાં સપનાં સેવતા હતા, તે કોણ નથી જાણતું? પરંતુ એમના વિવાદાસ્પદ વ્યક્તિત્વને લીધે એમનો કયાંક મેળ નથી પડ્યો. સ્વામીએ આ પદ માટે પોતાની જેમ જ ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ પણ યોગ્ય ગણાય એવો અભિપ્રાય આપ્યો છે. આનંદીબહેનને તો વયનિવૃત્તિ સાથે જ પંજાબનાં રાજયપાલ બનાવવાની પેશકશ થયેલી પરંતુ એમણે સામે ચાલીને ગુજરાત બહાર નીકળવાની ના ભણી દીધી હતી. આનંદીબહેન રાષ્ટ્રપતિ બને એ તો ગુજરાત માટે ગૌરવની ઘટના ગણાય. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા કહે છે તેમ જો પ્રતિભા પાટિલ જેવા મહિલા કોંગ્રેસ શાસનકાળમાં એ પદ શોભાવી શકતાં હોય તો ભાજપ શાસન દરમિયાન આનંદીબહેન કેમ ન ચાલે? પરંતુ અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે સાગમટે ગુજરાતી નેતાઓને જ અગ્રતા ક્રમે મૂકવાનો પ્રશ્ન ઊભો થઈ શકે એમ છે. આજે વડાપ્રધાન, નાણાં તેમજ સંરક્ષણ મંત્રી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપરાંત સ્મૃતિ ઈરાની જેવાં કૅબિનેટ મંત્રી 'ગુજરાતી' છે. જો કે જેમની સિનિયોરિટી તેમજ પાર્ટીના પાયાના સંસ્થાપક અને સંવર્ધક રાષ્ટ્રીય નેતા તરીકે ગણતરી થતી રહી છે એવા લાલકૃષ્ણ અગ્રણી પણ ગુજરાતનું જ પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે, છતાં એમનું નામ રાષ્ટ્રપતિના પદ માટે સૌથી યોગ્ય ગણાય એ મુદ્દે ભાગ્યે જ કોઈનો વાંધો હોઈ શકે. બાબરી કેસમાં હવે જયારે અદાલતે અડવાણી અને મુરલી મનોહર જોશી સામે મુકદ્દમો માંડ્યો છે ત્યારે આ બેઉ વરિષ્ઠ આગેવાનો માટે રાષ્ટ્રપતિ પદ માટેની ઉમેદવારી સ્વપ્નવત્ બની ગઈ છે. કદાચ પાર્ટી સર્વસંમતિથી આગ્રહ કરે તો પણ આવી સર્વોચ્ચ પદ માટેની ચૂંટણી લડવામાં નૈતિક મૂલ્યોનો હ્રાસ થવાનો મુદ્દો તો રહેવાનો જ. વિપક્ષોને પણ આ મુદ્દો ચગાવવાની તક મળી જાય. એટલે પૂરી સંભાવના છે કે આ બેઉ વડીલ નેતાઓ સ્વેચ્છાએ જ સ્પર્ધામાંથી પોતાની જાતને અળગી રાખે. એવા સંજોગોમાં પાર્ટી પાસે સર્વોચ્ચ પદ માટેની લાયક પ્રતિભા સંશોધનનો વિષય બની રહેશે. બનવાજોગ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લી ઘડી સુધી રહસ્ય અકબંધ રાખી ઉત્તરપૂર્વના કે દક્ષિણ ભારતના કોઈ સક્ષમ અગ્રણીનું નામ મૂકે, એ આદિવાસી, મહિલા કે દલિત અથવા ખ્રિસ્તી, શીખ, મુસ્લિમ પણ હોઈ શકે. બલકે રતન તાતા જેવા ઉદ્યોગપતિ અથવા કૈલાશ સત્યાર્થી જેવા નોબેલ વિજેતા પણ હોઈ શકે. અટલબિહારી વાજપેયીએ 'એપીજે અબ્દુલ કલામ'નું નામ મૂકીને આશ્ચર્ય સર્જેલું એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ 'સુપરસ્ટાર'ને કે લતા મંગેશકર જેવાં 'ભારતરત્ન' સ્વરકોલિકાનું નામ રજૂ કરી દેશવાસીઓની વાહ વાહ મેળવી શકે! આખરે દડો એમની કોર્ટમાં છે!

*તંત્રીસ્થાનેથી...*

# અલ્સરેટીવ કોલાઈટીસ : આટલું જાણવું જરૂરી છે

આજે લગભગ બધાનાં ખાન-પાન અને લાઈફ સ્ટાઈલ બદલાયેલા છે. પાણીપુરીનાં પાણીમાં એસીડ મળે, દૂધ, ઘી-તેલમાં અખાદ્ય કેમિકલ્સ મળે, શાકભાજીમાં પેસ્ટીસાઈડ્સ મળે, પાણીમાં પણ કેમિકલ્સ મળે, મોંઘા ભાવની હોટલોના રસોડામાં લટાર મારીએ તો ફરી ક્યારેય હોટલમાં જમવા જવાનું મન ન થાય એવી હલકી ગુણવત્તાના મટીરીઅલ્સનો ઉપયોગ થાય છે. આ તો થઈ ખોરાકની વાત. આપણી લાઈફ સ્ટાઈલ પણ બહું વિચિત્ર રીતે બદલાઈ ગઈ છે. સ્ટ્રેસ લેવલ અનહદ વધ્યું છે, તેને કારણે વ્યસનોની લત લાગે છે, લોકો અલગ અલગ શીફ્ટમાં કામ કરતા થઈ ગયા છે એટલે શરીરની નેચરલ રીધમ ખોરવાઈ છે.




આ બધું લાંબા ગાળે રોગોને નોતરે છે. આ રોગોમાંનો એક રોગ એટલે અલ્સરેટીવ કોલાઈટીસ. સાદી ભાષામાં કહીએ તો આંતરડામાં ચાંદા પડવા અને આંતરડા સોજી જવા. સાઈન્ટીસ્ટ હજુ અલ્સરેટીવ કોલાઈટીસનું મૂળ કારણ શોધી નથી શક્યા. ઘણાનાં મતે આ રોગ આપણી ઈમ્યુનિટી સીસ્ટમને કારણે થાય છે (ઓટો ઈમ્યુનિટી) વળી, ઘણા જીનેટીક્સને કારણભૂત માને છે. આયુર્વેદમાં અલ્સરેટીવ કોલાઈટીસનો ઉલ્લેખ છે. મહર્ષિ ચરકે અતિસારના (ઝાડા) ૩૬ પ્રકારો વર્ણવ્યા છે જેમા એક પ્રકાર છે રક્તજ અતિસાર. આ રક્તજ અતિસારને અલ્સરેટીવ કોલાઈટીસ સાથે સરખાવી શકાય. આયુર્વેદ મુજબ પિત્તથી થનારા અતિસારને અવગણવામાં આવે અને પિત્ત વધારનારા આહાર-વિહાર લેવામાં આવે તેમજ મનસિક ચિંતા, ભય, ક્રોધ,શોકની લાગણીની કારણે રક્તજ અતિસાર થય છે.

અલ્સરેટીવ કોલાઈટીસના લક્ષણો જોઈએ તો તેમા ઝાડામાં લોહી પડવું, પેટમાં ચૂંક આવવી, વારંવાર મળત્યાગ માટે જવું, અને તેને કારણે લાંબા ગાળે શરીર ગળવું, ઈમ્યુનીટી ઘટવી, નબળાઈ લાગવી, આંતરડાઓ ફૂલી જવા આદિ તકલીફો થાય છે. અલ્સરેટીવ કોલાઈટીસમાં વારંવાર મળત્યાગ માટે જવું પડતું હોઈ અને પ્રવાહી જેવો મળ નિકળતો હોઈ વ્યક્તિ એક તબક્કે કંટાળી જાય છે.

તો શું અલ્સરેટીવ કોલાઈટીસ મટી શકે?? ચોક્કસ મટી શકે. આહાર-વિહારનું ધ્યાન અને આયુર્વેદની દવાઓ વડે અલ્સરેટીવ કોલાઈટીસ સંપૂર્ણપણે મટી શકે છે. અલ્સરેટીવ કોલાઈટીસના દર્દીએ તીખા-તળેલા-મસાલાવાળા ખોરાકનો સંપૂર્ણ ત્યાગ કરવો, તમાકુ છોડવુ, અથાણાં-પાપડ અને આથાવાળી વસ્તુઓ છોડવી, પચવામાં ભારે એવા મેંદાની વસ્તુઓ અને ભારે કઠોળ જેવાકે વાલ-વટાણા આદિ ત્યાગવા. મનથી પ્રફુલ્લીત રહેવું, આનંદમાં રહેવું. સ્ટ્રેસ દૂર થાય એવા પ્રયત્નો જેવાકે યોગ, કસરત, પ્રાણાયામ આદિ કરવા તેમજ લાઈફ સ્ટાઈલને નિયમીત બનાવવી. આયુર્વેદિક ઔષધયોગો જેવા કે પુષ્યાનુગ ચુર્ણ , કામદૂધ રસ, ચન્દ્રકલા રસ આદિ તેમજ ઔષધો જેવાકે શતાવરી, નાગકેસર, મોથ, બીલા, કડાછાલ આદિ અલ્સરેટીવ કોલાઈટીસમાં ખૂબ અસરકારક છે. દર્દિની શરીરની પ્રકૃતિ તેમજ તેના બળ મૂજબ આયુર્વેદિક ચિકિત્સકની સલાહ અનુસાર નિયમીતપણે આયુર્વેદિક સારવાર કરવામાં આવે તો અલ્સરેટીવ કોલાઈટીસ ચોક્કસ મટી શકે.



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

- contact@atharvaayu.com

# હે રી મેં તો પ્રેમ દિવાની, મેરા દર્દ ન જાને કોય

આપણા ગાંધીનગર સમાચારના એક કટાર લેખક દિનેશભાઈ દેસાઈ ગુલમહોર નામની તેમની કોલમમાં હંમેશા પ્રેમ વિશે લખે છે. અત્યાર સુધીમાં તેમણે પ્રેમ ઉપર સેંકડોમાં લેખો લખ્યા હશે. પ્રેમ એક એવો સર્વકાલીન વિષય છે કે દરેક કલમ ચલાવનારને તેની ઉપર લખવાનું ગમે જ ગમે. તુલસીદાસ વરસો પહેલા કહી ગયા છે : 'પોથી પઢ પઢ જગ મૂઆ પંડિત ભયાના કોઈ, ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય.' આજે મને પણ પ્રેમ બાબતે લખવાનું મન થયું છે.

અમર પ્રેમની વાત કરીએ તો લૈલા-મજનુ, શિરી-ફરહાદ, સોહની - મહિવાલ એવા અનેક નામો મનમાં ગુંજારવ કરવા માંડે. ઘણા બધા પ્રેમીઓએ એકબીજાને અઢળક પ્રેમ કર્યો હશે પણ તેઓ તેમના નામ ઉપર જણાવેલી યાદીમાં જોડાવી ના શક્યા. એ પછી શહેનશાહ શાહજહાંએ મુમતાઝ બેગમની યાદમાં મસમોટો તાજમહાલ બંધાવ્યો તો ય તેનું નામ અમર પ્રેમીઓની કતારમાં આવી શક્યું નથી. આધ્યાત્મિક પ્રેમની વાત કરીએ તો તુરત જ રાધા અને કૃષ્ણનું નામ સામે આવે. રાધા અને કૃષ્ણનો પ્રેમ કેવો હશે અને કઈ કક્ષાનો હશે તેનું વર્ણન કરવાની આપણી હેશિયત નથી. રાધા અને બીજી ગોપીઓએ શામળિયાને પારાવાર પ્રેમ કર્ય હશે તેમાં કોઈ મિનમેખ નથી. આમ છતાં કોઈ ગોપીએ કહાના માટે પોતાના ઘર-બાળ - કુટુંબ - વતનનો ત્યાગ કર્યો હોય એવી કોઈ વારતા આપણે સાંભળી નથી. મહાભારત કાળમાં તો કૃષ્ણ સ્વયં ધરતી પર વિચરતા હતા છતાં કોઈ ગોપી, અરે સ્વયં રાધા તેમની પાછળ પાછળ ગોકુળ છોડી મથુરા ગઈ નથી. પણ એક નારીએ આશરે પાંચસો વરસ પહેલા રાજસ્થાનમાં મેડતાના ઠાકોર રાજવંશમાં જન્મ લીધો. તેણે તે જમાનાના રુઢિચૂસ્ત સમાજની સામે કહી દીધું, 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ના કોઈ.'

આજની તારીખે એટલે કે એપ્રિલ, ૨૦૧૭માં પણ તમે કોઈ રાજપૂત કુટુંબમાં જાવ તો તે ઘરની વહુવારુઓ છાતી સુધી ઘુમટો તાણીને તમને પાણી પાવા આવે તો આવે. થોડીક વાત કરો તો એવું ભાસ થાય કે બાબરના ભારત આગમન સમયે જે માનસિકતા હતી તેમાં ખાસ કશો ફરક પડ્યો નથી. તે પછી પાંચસો વરસે એક સ્ત્રીએ કૃષ્ણની મૂર્તિને પ્રેમ કર્યો એટલું જ નહીં તેના પ્રેમમાં દિવાની બની ગઈ. એ વીર સ્ત્રીનું નામ છે મીરાં. તેણે આ જગતની સામે જાહેર કર્યું.

હે રી મેં તો પ્રેમ દિવાની, મેરા દર્દ ન જાને કોય,
સૂલી ઉપર સેજ પિયા કી, કિસ બિધ મિલના હોય,
ઘાયલ કી ગત ઘાયલ જાને, કે જિન લાગી હોય,
જૌહરિકી ગત જૌહરિ જાને, કે જિન જૌહર હોય.
દરદકી મારી બનબન ડોલૂ, બૈદ મિલ્યા નહિં કોય,
મીરાં કી તબ પીડ મિટેગી, બૈદ સાવલિયા હોય.

એકદમ સીધી ભાષામાં મીરાંએ કહી દીધું આ જગતમાં તેને કૃષ્ણ સિવાય કોઈની સાથે કોઈ સંબંધ નથી. હું તેના પ્રેમમાં પાગલ છું. મારે એને મળવું છે પણ શૂળી ઉપર અમારી પથારી પાથરેલી છે ત્યાં હું કેવી રીતે એને મળી શકું? મારું દર્દ સામાન્ય માણસ સમજી શકશે નહીં. ઘાયલ ને જ ખબર પડે ને કે ઘાવ કયાં બળે છે? પછી મીરાએ ગજબની વાત કરી છે. જૌહરિકી ગત જૌહિરિ જાને, કે જિન જૌહર હોય. અમે વિદ્યાર્થી અવસ્થામાં એવું સમજતા કે જૌહરિ એટલે કે ઝવેરી જ સમજી શકે ઝવેરાતની કિંમત શી પણ મીરાં અંગેને એક દળદાર અંક વાંચતા ખબર પડી કે રાજપુત યુગમાં દુશ્મનોના આક્રમણ સામે વિજયની સંભાવના ના હોય ત્યારે રાજયના રાજપૂતો કેસરિયા કરતા અને રાણીઓ ભણભડતી આગમાં કૂદી પડતી તેને જૌહર કહેતા. મીરાના પોતાના પતિ લગ્નના ચાર વરસ બાદ યુદ્ધમાં માર્યા ગયા હતા પણ મીરાએ સતી થવાનું પસંદ કર્યું નહીં. તો જૌહરની પ્રથાની વિરોધી હતી. તેની બે દેરાણીઓએ જૌહર કર્યું હતું. તે પોતાને વિધવા ગણતી જ નહતી. તેનો સ્વામી અવિનાશી હતો. આમ જુઓ તો રાજા રામમોહન રાય કરતા પણ તેની વિચારસરણીને આધુનિક ગણવી પડે. એટલે મીરાં કહે છે કે જૌહરિની પીડા જૌહરિ જ જાણી શકે. બીજું કોઈ નહીં. આવું દરદ સહન કરતી તે વન વન ભટકી રહી છે. પણ કોઈ વૈદ મળતો નથી. છેલ્લે મીરાં અણધારી ચોટ મારે છે, મીરાં કી તબ પીડ મિટેગી, બૈદ સાવલિયા હોય, દરદનો દેનાર જ દવા છે. પોણા પાંચસો વરસ પછી મરીઝે આ વાત કયા શબ્દોમાં કહી?

આ દર્દ મહોબ્બતનું જે હરગિજ નથી મટતું,
ઉપરની મઝા એ કે મને એની દવા યાદ.

નરસિંહ મહેતાની ગોપી ગોવિંદ લ્યો કોઈ ગોવિંદ લ્યો પોરરતી હરિને વેચવા નિસરી હતી. મીરા તો પોતે જ હરિને વેચાતો લઈ લે છે.



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

બાઈ મૈંને ગોવિંદ લીન્હો
વણમોલ,
કોઈ કહે હલકા કોઈ કહે ભારે,
લિયો તરાજુ મોલ.
કોઈ કહે સસ્તા કોઈ કહે મહંગા,
કોઈ કહે અનમોલ,
બ્રિન્દાબનકી કુંજગલીનમેં,
લીન્હો બજા કે ધોલ,
મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
પૂર્વજનમ કો દિયો મોલ.

મીરાંને જાતે જોખી જોખીને હરિને ખરીદી લીધા છે. હરિ તેની માલિકીના થઈ ગયા છે. સોદો પાછો કાંઈ ખાનગીમાં નથી કર્યો. વૃંદાવનની કુંજગલીઓમાં ઢોલ વગાડી ભરબજારમાં ખરીદ્યો છે. એની કિંમત શી છે ખબર છે? પૂર્વજન્મના ભાવે મળી છે આ અણમોલ ચીજ. આ શબ્દો વાંચતા એવું પ્રતિત થાય છે કે પૂર્વજન્મની ગોપી જ ઠાકોર પરિવારમાં મીરા થઈને અવતરી હશે. મહાભારત કાળમાં રાધા અને બીજી ગોપીઓ લાજશરમની મારી જે કાંઈ નહોતી કહી શકતી તે મીરાંએ રાણા કુળની લાજ ત્યાગીને સરેઆમ કહી બતાવ્યું.

પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની રે.
જળ જમનાના ભરવા ગયા'તા હતી માથે ગાગર હેમની રે,
કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેને તેમની રે,
મીરા કહે પ્રભુ ગિરિધર નાગર, શામળી સૂરત શુભ એમની રે.

શામળિયો મારો સ્વામી છે, હું તેની જનમ જનમની દાસી છું. ગિરિધર ગોપાલ હું બીજા કોઈની નથી. હું હરિની પ્રેમદિવાની છું આટલી કહીને મીરાં અટકતી નથી. તે રાણા વંશ સામે ખુલ્લું બંડ પોકારે છે. સોનાના ઘરેણા ઉતારી તુલસીની માળા પહેરી, લાલપીળા ચમકદાર રેશમી વસ્ત્રને બદલે ભગવા પહેર્યા, ઘરબાર ત્યજી મંદિરના પ્રાંગણમાં આવી સાધુઓ સામે પગે ઘૂઘરા બાંધી મીરા નાચી. રાણાની ઈજ્જત આબરુને દાવ પર લગાવી દીધી. કોઈ આજના યુગમાં પણ આ બધું કરી શકે કે કેમ તે સવાલ છે!

પગ ઘુઘરું બાંધ મીરાં નાચી રે,.
મૈં મેરે નારાયણ કી, આપહિ હો ગઈ દાસી રે
લોગ કહે મીરાં બાવરી, ન્યાત કહે કુલનાસી રે
વિષ કા પ્યાલા રાણાજી ભેજ્યા, પીવત મીરા હાંસી રે
મીરા કે પ્રભુ ગિરિધર નાગર, સહજ મિલે અવિનાસી રે.

મારી પાસે હિન્દી સાહિત્યનો એક મીરાંબાઈ વિશેષાંક છે તેમાં વ્રજભાષામાં મીરાબાઈના પદો આપેલા છે. તેમાં ઉપરના કાવ્યની ત્રીજી લીટીમાં 'લોગ કહે મીરાં ભઈ બાવરી, સાસુ કહે કુલનારી રે' લખ્યું છે. જો કે મીરા તો મતવાલી હતી. એ બે જુદા જુદા સ્થળે મનમા તરંગો મુજબ ગાન કરી શકે. આપણે અહીં અટકવું જોઈએ. મીરાની બીજી અવનવી વાતો ફરી કોઈ વાર.

# જીવન ભેટમાં કશું નથી આપતું, આપણે બધું હાંસલ કરવું પડે છે

મન મથુરા, દિલ દ્વારિકા, કાયા કાશી જાણ,
પ્રાણ પ્રાચી આતમ અયોધ્યા એ તીરથ પહેચાણ.
સમજ ગંગા નાહીને કર અંતર યાત્રા ધ્યાન.

આજનું દિગ્ભ્રાન્ત માનવ્ય જયાં ત્યાં માત્ર 'ફાયદો' જ શોધે છે. સર્વત્ર ભોગાકાંક્ષા અને સ્વાર્થાંધતા વકરી છે. પ્રત્યેકને મન 'મને શું' અને 'મારે શું' આ જ જાણે એક જીવનમંત્ર બની ગયો છે.

મિત્રો, હમણાં એક દૃષ્ટાંતકથા વાંચી. 'ગીધોનું એક ટોળું ખોરાકની શોધમાં ભટકી રહ્યું હતું. ઊડતાં ઊડતાં એક ટાપુ પર પહોંચ્યું. એ જગ્યા એમના માટે સ્વર્ગ સમાન હતી. ચારેબાજુ ખાવા માટે દેડકાં, માછળાં અને સમુદ્રી જીવો અઢળક હતા. અને આનાથી વિશેષ વાત તો એ હતી કે ત્યાં આ ગીધોનો શિકાર કરવાવાળું કોઈ જંગલી પ્રાણી તો હતા જ નહીં જેથી ભય વગર ત્યાં રહી શકાય. યુવાન ગીધો ખૂબ ઉત્સાહમાં એમાંથી એક બોલ્યો : વાહ, મજા આઈ ગઈ, હવે તો હું અહીં જ રહેવાનો. અહીં તો કોઈ મહેનત કર્યા વગર બેઠા બેઠા જ ખાવાનું મળી રહેશે. બીજા ગીધોએ પણ તેની હા માં હા પુરાવી. ખુશીથી નાચવા લાગ્યા. બધાના દિવસો આનંદ-મોજમાં વીતતા ગયા. પરંતુ ટોળાનો સૌથી વૃદ્ધ ગીધ નાખુશ હતો.'

એક દિવસ તેણે પોતાની ચિંતા જાહેર કરતાં બોલ્યો, ભાઈઓ આપણે ગીધ છીએ. આપણે આપણી ઊંચી ઊંડાન અને શિકાર ઝડપવાની તાકાત માટે જાણીતા છીએ. પરંતુ અહીં આવ્યા પછી તો આપણે બધા આરામ કરતા થઈ ગયા છીએ. ઊંચી ઊંડાન તો દૂર રહી પણ મોટા ભાગના ગીધ તો મહિનાઓથી ઊડ્યા જ નથી અને સરળતાથી મળતા ખોરાકને કારણે શિકાર કરવાનું પણ ભૂલી ગયા છે. આ બધું આપણા ભવિષ્ય માટે સારું નથી. મેં નક્કી કર્યું છે કે આ ટાપુ છોડી ફરી પાછા એ જ જૂના જંગલમાં જવું. કદાચ તમારામાંથી કોઈને મારી સાથે આપવાની ઈચ્છા હોય તો આવી શકે છે!

વૃદ્ધ ગીધની વાત સાંભળી બાકીના ગીધ હસવા લાગ્યા. કોઈએ એને પાગલ કહ્યો તો કોઈ તેને મૂર્ખ ઠેરવવા લાગ્યા. બિચારો વૃદ્ધ ગીધ એકલો જ પાછો ચાલ્યો ગયો. સમય વિત્યો... કેટલાક વર્ષો પછી વૃદ્ધ ગીધે વિચાર્યું. ન જાણે હું હવે કેટલા દિવસ જીવવાનો છું. તો શા માટે હું સામે ચાલીન મારા જૂના સાથીઓને મળી ન આવું?

લાંબી યાત્રા પછી જયારે વૃદ્ધ ગીધ તે ટાપુ પર પહોંચ્યો તો ત્યાંનું દશ્ય કંપાવી દે તેવું ભયંકર હતું. મોટા ભાગના ગીધ મરી ચૂક્યા હતા. અને જે બચ્યા હતા તે ગંભીર રીતે ઘાયલ હતા.

આ કઈ રીતે થઈ શક્યું ? વૃદ્ધ ગીધે પૂછ્યું. કણસતા કણસતાં એક ઘાયલ ગીધ બોલ્યું : 'અમને માફ કરો. અમે તમારી વાતને ગંભીરતાથી ન લીધી ને અમે તમારી મજાક ઉડાવી.'

વાત તો જામે એમ હતી કે તમારા ગયા પછી અહીં એક મોટું જહાર આવ્યું અને ચિત્તાઓનું એક ટોળું અહીં છોડી ગયું. ચિત્તાઓએ પહેલા તો અમારા પર હુમલો ન કર્યો પરંતુ જેવી એમને ખબર પડી કે અમે બધા ઊંચે ઊડી શકતા નથી અને ન તો અમે પંજાથી હુમલો કરી શકીએ છીએ. તેમણે અમને ખાવાનું શરુ કરી દીધું. હવે અમારી વસ્તી ખલાસ થવા માંડી. બસ, અમારા જેવા ઘાયલ ગીધ જ હવે જીવતા બચ્યા છે.

વૃદ્ધ ગીધે તેમને જોઈ અફસોસ વ્યક્ત કરી તે પોતાના જંગલ તરફ પાછો ઊડી ગયો.

મિત્રો, જો આપણે આપણી કોઈ શક્તિનો Use નહીં કરીએ તો ધીમે ધીમે તેને lose કરી દઈશું. For instance કદાચ આપણે brain નો Use નહીં કરીએ તો તેની Sharpness ખતમ થઈ જશે. આપણે આપણી Muscles નો Use નહીં કરીએ તો તેની તાકાત પણ ઘટી જશે. આ રીતે આપણે આપણી Skill ને Pilosh નહીં કરીએ તો આપણી કામ કરવાની Efficiency ઓછી થઈ જશે. ઝડપથી બદલાતા જતા આ જગતમાં આપણી જાતને બદલવા તૈયાર રહેવું જોઈએ.



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

પરંતુ ઘણીવાર આપણને Current job અથવા bussiness માં એટલા બધા Comfertable થઈ જઈએ છીએ કે બદલાવાનું વિચારતા જ નથી. અને આપણી અંદર કાંઈ નવી Skill add કરી શકતા નથી. આપણે Knowledge વધારવા માટે કોઈ એકાદુ પુસ્તક પણ વાંચતા નથી. કોઈ Training પણ attend કરતાં નથી. પરિણામે આપણે dull થઈ જઈએ છીએ. જેન કારણે એક સમયે આપણે જાણીતા બન્યા હતા. ખ્યાતનામ હતા એમાં ફરી પાછા જયારે માર્કેટ કન્ડીશન ચેન્જ થાય છે અને આપણી નોકરી કે ધંધાને અસર થાય છે ત્યારે સંજોગોને કે અન્યને દોષ દઈએ છીએ.

દોસ્તો, પોતાની કાબેલિયત... પોતાની તાકાત ને જીવતી રાખો... પોતાની કર્મકુશલતા... પોતાની સ્કીલને વધુને વધુ ધારદાર... તેજ બનાવો. તેને કાટ ન લાગે... ધૂળ ન ચડે... ઝાંખપ ન લાગે એ માટે સતર્ક સજાગ રહો. રોજે રોજ અપડેટ થતા રહીએ... અને જો આવું કરશો તો ગમે તેવી અડચણો કે અવરોધો - મુશ્કેલીઓ આવશે છતાં પણ તમે બહુ મોટી ઊંચી ઊંડાણ ભરી શકશો !!!

સ્પર્શમણિ

કર્મ જ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે.

તો ચાલો, એક સારા માનવી બનવા માટે જાણીને કર્મના સિદ્ધાંતો

- સર્વોચ્ચ સિદ્ધાંત : જે આપણે વિશ્વને આપ્યું છે, તે જ આપણને મળશે.
- સર્જનનો સિદ્ધાંત : જીવન ભેટમાં કશું નથી આપતું, આપણે બધું હાંસલ કરવું પડે છે.
- વિનમ્રતાનો સિદ્ધાંત : બીજાની ભૂલો સુધારતાં પહેલા પોતાની ભૂલોને સ્વીકારતા શીખો.
- ઉન્નતિનો સિદ્ધાંત : પોતાની જાતને બદલવાની સાથે જીવન પણ બદલાઈ જાય છે.
- જવાબદારીનો સિદ્ધાંત : આજે આપણી જે પરિસ્થિતિ છે તેના માટે આપણે પોતે જ જવાબદાર છીએ.
- સમયનો સિદ્ધાંત : આપણો ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન એકબીજા સાથે જોડાયેલા છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**